ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૧/૧૯-૨૦/ 3439 તારીખ : 31 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી હુમ્મર ગોકુળભાઈ રણછોડભાઈ,**
કોબલી વિસ્તાર,
મુ.ઉગલવાણ, તા.જેસર,
જી.ભાવનગર.
**મો.નં. ૯૮૨૫૬ ૦૧૫૩૫.**

કેસ નં.૪૧/૧૯-૨૦

**વિષય : ખેતીવાડી વીજ કનેકશન પીડીસી ટુ આરસી નામ ફેરફારનું વીજબીલ ચાલુ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૮/૦૭/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૧૯-૨૦/૨૬૬૩ તા.૧૧/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૧૯-૨૦/૩૧૩૫ તા.૦૭/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૦૮/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૧.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L Bhavnagar. Consumer Grievance Redressal Forum

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૧/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી ઠુમ્મર ગોકુળભાઈ રણછોડભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૦.૦૮.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ઠુમ્મર ગોકુળભાઈ રણછોડભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ઠુમ્મર ગોકુળભાઈ રણછોડભાઈ, મુ.ઉગલવાણ, તા.જેસર, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશન પીડીસી ટુ આરસી નામ ફેરફારનું વીજબીલ ચાલુ કંરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૧/૧૯–૨૦/૨૬૬૩ તા.૧૧.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૦.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ઠુમ્મર ગોકુળભાઈ રણછોડભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના જેસર તાલુકાનું ગામ–ઉગલવાણ માં કોબલી વિસ્તારના સ્થળે અમારી ખેતીવાડી આવેલ છે. અમારી ખેતીવાડીમાં મારા પિતાજી રણછોડભાઈ રામભાઈના નામનું એ–વન ટેરીફનું ૫ હો.પા.નું ખેતીવાડી વીજ કનેકશન હતું.

૧.૨ સંજોગોવસાત કુવામાં પાણી નહી હોવાથી તે કનેકશન કચેરી દવારા એકસમાં નાખેલ, ત્યારબાદ રદ કરવામાં આવેલ. અમારી વીજકચેરી મહુવા રૂરલ–૧ છે. થોડા ટાઈમ બાદ સારો વરસાદ થવાથી કુવા–બોરમાં પાણી આવેલ. આજ ખેતીવાડીનું વીજ કનેકશન ફરી મેળવવા માટે મહુવા રૂરલ–૧ માં અધિકારીને મળેલ જણાવેલ કે તમારે નામ ટ્રાન્સફર પી.ડી.સી. ટુ આર.સી. અને ટપક [illegible]શે, જરૂરી આધાર લઈને આવો.

P.G.V.C.L
Bhavnagar

..૨..

૧.૩ અધિકારીની સુચના મુજબ તમામ નવા આધાર પુરાવા લઈ મે મારી પત્નીના નામે તા.૧૪/૭/૨૦૧૦ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જના રૂા.૨૦૦/– પહોંચ નં.૩૪૫૮૯૬ થી પી.ડી.સી. ટુ આર.સી. સાથે નામ ટ્રાન્સફરનાં રૂા.૩૦૦/– તા.૧૪/૭/૨૦૧૦ ના રોજ પહોંચ નં.૩૪૫૮૯૫ થી ભરેલ સાથે કોપી જોડેલ છે, ટપક લાઈનનું ફોર્મ ભરેલ છે.

૧.૪ મહુવા રૂરલ–૧ દવારા ઈન્વર્ડ આઉટ વર્ડ નં.૪૧૬૯ તા.૨૮/૧૨/૨૦૧૧ નું કોટેશન મોકલાવેલ રૂા.૭૭૨૫/– તે અમે તા.૪/૧/૨૦૧૨ ના રોજ ભરી આપેલ. ક્રમવારા પ્રમાણે વીજ કનેકશન લગાડેલ હાલ સાત વર્ષ કરતા વધારે સમય થયેલ છે છતાં વીજબીલ આવતું નથી. અધિકારી–કર્મચારીની બેદરકારીથી કંપનીને સાત વર્ષથી આવક આવેલ નથી. કંપનીના કામમાં બેદરકારી ચાલે નહી. કંપનીના નિયમ મુજબ પગલા લેવા સાત વર્ષના વીજબીલના નાણાનું વ્યાજ નાં નાણા બેદરકાર અધિકારી કર્મચારીનાં અંગત પગારમાંથી વસુલ કરવા અમારૂ ખેતીવાડીનું વીજ કનેકશન લંગાડેલ તેના ૧૫ નંબરના પ્રફોર્મા મુજબ ડેટ લગાડી સળંગ દિવસો ગણી પ્રથમ બીલ વગર વ્યાજે હપ્તા કરવા હુકમ કરવા વિનંતી છે.

૧.૫ કચેરીમાં અનેક વખત રજુઆત કરેલ છે. અવારનવાર અરજી આપેલ છે સાથે કોપી જોડેલ છે. અગાઉના તો બેદરકાર હતા હાલમાં પણ અણઆવડના બેદરકાર છે. જવાબદારી શું કહેવાય તે ખબર પડતી નથી. કંપનીને ગ્રાહકોના કામ કરવા પગાર આપે છે. ગ્રાહકોને સારો જવાબ આપી શકતા નથી. આથી કંટાળીને ફોરમને ફરીયાદ કરવાની ફરજ પડેલ છે કર્મચારીને બચાવવાની કોશીષ કરવી નહી, નહીતર હેડ કચેરી અને સરકારશ્રી અને વીજીલન્સમાં ફરીયાદ કરવાની ફરજ પડશે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી ગોકુલભાઈ રણછોડભાઈ ઠુંમર, ગામ–ઉગલવાણ દવારા તેમના પત્ની શારદાબેન ગોકુલભાઈ ઠુંમરના નામનું ગ્રાહક નં. ૩૭૦૨૧/૦૫૦૯૮/૪ વાળું પીડીસી ટુ આરસી તથા નામ ફેરફાર વાળા વીજજોડાણની અરજી અનુસંધાને ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીએ સઘન તપાસ કરતાં સદર વીજજોડાણની પીડીસી ટુ આરસીના વીજજોડાણ માટેની કેસ ફાઈલ કે અન્ય દસ્તાવેજી પુરાવા અત્રેની કચેરીએ ઉપલબ્ધ નથી. સદર કેસ બાબતે ઈ–ઉર્જા સિસ્ટમમાં તથા અન્ય તપાસ કરતાં નીચે મુજબની બાબત જાણવા મળેલ છે.

૨.૨ ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીનું પીડીસી ટુ આરસીનું પેઈડ પેન્ડીગ રજીસ્ટર તપાસતાં તેમાં બી કેટેગરીમાં સદર કેસની નોંધ થયેલ છે તથા તે મુજબ H3 રીપોર્ટ જાવક નં.૨૪૭૯ થી તા.૦૬–૦૭–૨૦૧૨ ના રોજ બીલીગ વિભાગમાં આપેલ છે પરંતુ બીલીગ વિભાગમાં તપાસ કરતાં સદર કેસની ફાઈલ મળતી નથી.

૨.૩ ગ્રાહક નં.૩૭૦૨૧/૦૫૦૯૮/૪ ઈ ઉર્જા સિસ્ટમમાં તપાસ કરતા ડીલીટ થયેલ છે તથા તા.૦૧.૧૧.૨૦૧૫ થી તા.૩૦.૧૧.૨૦૧૫ દરમ્યાન ડીલીટ થયેલ છે.

૨.૪ ગ્રાહક નં.૩૭૦૨૧/૦૫૦૯૮/૪ ની ૧૪૫ પી.આર.ટી.નો અભ્યાસ કરતાં ઓગસ્ટ–૧૫ સુધીનું જ છેલ્લું સ્ટેટસ બતાવે છે તથા ગ્રાહકનું સ્ટેટસ " X " બતાવે છે.

..૩..

૨.૫ ઈ–ઉર્જા સિસ્ટમમાં સદર વીજજોડાણની પીડીસી ટુ આરસી માટેની પ્રક્રિયા એસ.આર. નં.૩૪૦૧૧૧૪ થી પ્રક્રિયા થયેલ છે.

૨.૬ હાલ એસ.આર. નં.૩૪૦૧૧૧૪ નું સ્ટેટસ " CLOSED " છે.

૨.૭ હાલ એસ.આર. નં.૩૪૦૧૧૧૪ માં તપાસ કરતા તા.૦૪.૦૧.૨૦૧૨ ના રોજ અંદાજપત્રનાં નાણા તથા ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ થયેલ છે.

૨.૮ ઈ–ઉર્જા સિસ્ટમમાં " e-Urja CRM LT Consumer History " રીપોર્ટ તપાસતાં ક્રિએશન તા.૦૬.૦૭.૨૦૧૨ બતાવે છે.

૨.૯ **આમ હાલ સદર વીજજોડાણનો ગ્રાહક નંબર સિસ્ટમમાં ડીલીટ થયેલ હોય તેમજ સદર ગ્રાહકની કેસ ફાઈલ મળેલ ન હોય સદર બાબતે ઉપલી કચેરીનું યોગ્ય માર્ગદર્શન તથા મંજુરી લઈ સદર વીજજોડાણનું બીલીગ વહેલીતકે શરૂ કરવામાં આવશે.**

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી હુમ્મર ગોકુલભાઈ રણછોડભાઈ, ગામ–ઉગલવાણ, તા.જેસરમાં ગ્રાહક નં.૩૭૦૨૧/૦૫૦૯૮/૪ થી ખેતીવાડી વીજજોડાણ તેમના પિતાશ્રી રણછોડભાઈ રામભાઈના નામે ધરાવતાં હતાં.

૩.૨ વાદીનાં પિતા રણછોડભાઈનું વીજજોડાણ કાયમી ધોરણે રદ થવાથી તા..૧૪.૦૭.૨૦૧૦ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં PDC-RC તેમજ નામ ટ્રાન્સફરમાં તેમના પત્ની શારદાબેન ગોકુલભાઈના નામે અરજી નોંધણી કરાવેલ. જે માટે પ્રતિવાદીએ તા.૨૮.૧૨.૨૦૧૧ ના રોજ અંદાજપત્ર આપેલ. જે વાદીએ તા.૦૪.૦૧.૨૦૧૨ ના રોજ ભરપાઈ કરીને જરૂરી ટેસ્ટ રીપોર્ટ આપેલ. પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ ચાલુ કરી જે તે સમયે ઓફીસને કાર્યવાહી મુજબ બીલીગ માટે H-3 રીપોર્ટમાં વાદીનાં વીજજોડાણનું બીલીગ શરૂ કરવા માટે પેપર્સ આપેલ તેમજ ઈ–ઉર્જા સિસ્ટમમાં જરૂરી કાર્યવાહી કરેલ પરંતુ વીજજોડાણ શારદાબેન ગોકુલભાઈ હુમ્મર નાં નામે ફરીથી ચાલુ થયા બાદ કોઈપણ કારણોસર પ્રતિવાદીનાં બીલીગ સેકશન દવારા વાદીનાં વીજજોડાણનું બીલીગ શરૂ થયેલ નહી. તેથી વાદીએ વારંવાર પ્રતિવાદીની ઓફીસમાં લેખિત રજુઆત તથા મૌખિક રજુઆતો કરેલ પરંતુ પ્રતિવાદી દવારા વાદીનાં વીજજોડાણનું બીલીગ શરૂ થયેલ નહી.

૩.૩ પ્રતિવાદીનાં રેકર્ડ મુજબ વાદીનાં પિતા રણછોડભાઈ રામભાઈના નામનું ખેતીવાડી વીજજોડાણનું સ્ટેટસ લેઝર મુજબ " X " ( PDC ) છે અને શારદાબેન ગોકુલભાઈનાં નામે વીજજોડાણ લેઝર પર ચડાવેલ ન હોય બીલીગ શરૂ થયેલ નહી.

૩.૪ પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ ચાલુ કર્યાનાં તેમજ હાલ વીજજોડાણ મીટર સાથે ચાલુ હોવાના દસ્તાવેજો રજુ કરેલ છે. આથી વાદીનું હયાત વીજજોડાણ સ્થળ પર ચાલુ છે તેમજ વાદીનું વીજજોડાણ શારદાબેન ગોકુલભાઈનાં નામે લેઝરાઈઝ કરી વાદીની રજુઆત મુજબ બીલ મળવા જોઈએ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે. કે વાદીની રજુઆત મુજબ શારદાબેન ગોકુલભાઈના નામે તેઓને વીજજોડાણનું બીલીંગ ચાલુ કરી નિયમીતપણે વીજબીલ આપવું.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૦.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar